# ગ્રામીણ કૃષિ મૌસમ સેવા

# હવામાન આગાહી આધારીત કૃષિસલાહ બુલેટીન

## ઉતર સૌરાષ્ટ્રખેત આબોહવાકીય વિભાગ

તા.30-૧૨-૨૦૧૫ થી તા.03-0૧-૨૦૧૬

(ગ્રામીણ કૃષિ મૌસમસેવા, સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જુ.કૃ.યુ.,તરઘડિયા અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

કૃષિ હવામાન બુલેટીન નં. ૭૯/૨૦૧૫

પાછલા અઠવાડીયાનું રાજકોટનું હવામાન

| હવામાન પરિબળો | |
|---|---|
| વરસાદ(મી.મી.) | 0.0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 25.5-34.8 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 7.6-15.4 |
| ભેજ(%) સવાર | 44-64 |
| ભેજ(%) બપોરબાદ | 18-38 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 5.6-8.0 |

## હવામાન આગાહી: પત્રક-ક

### ઉતર સૌરાષ્ટ્રખેત આબોહવાકીય વિભાગ-હવામાન આગાહી

તા.30-૧૨-૨૦૧૫ થી તા.03-0૧-૨૦૧૬

### કૃષિ સલાહ:

સામાન્ય

ભારતસરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ,જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, તરઘડીયા તરફથી જણાવવામાં આવે છે કે, ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના

રાજકોટ: જીલ્લામાં આગામી તા.૩૦-૧૨-૨૦૧૫ થી તા.૦૩-૦૧-૨૦૧૬ દરમ્યાન હવામાન સુકું અને મહદઅંશે ચોખ્ખું રહેશે. પવનની દિશા પુર્વ અને ઇશાનની રહેવાની અને પવનની ઝડપ ૧૧ થી ૧૪ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૩-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૪-૧૭ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૩૦-૧૨-૧૫ | દિવસ-૨ ૩૧-૧૨-૧૫ | દિવસ-૩ ૦૧-૦૧-૧૬ | દિવસ-૪ ૦૨-૦૧-૧૬ | દિવસ-૫ ૦૩-૦૧-૧૬ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 35 | 35 | 34 | 33 | 33 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 17 | 17 | 16 | 15 | 14 |
| વાદળની સ્થિતિ(ઓકટા) | 2 | 0 | 0 | 0 | 0 |
| મહતમ ભેજ (%) સવાર | 32 | 35 | 40 | 36 | 31 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 20 | 20 | 21 | 22 | 20 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 11 | 14 | 14 | 14 | 13 |
| પવનની દિશા (ડીગ્રી) | 31 | 34 | 24 | 21 | 103 |

જામનગર: જીલ્લામાં આગામી તા.૩૦-૧૨-૨૦૧૫ થી તા.૦૩-૦૧-૨૦૧૬ દરમ્યાન હવામાન સુકું અને મહદઅંશે ચોખ્ખું રહેશે. પવનની દિશા ઈશાન અને અગ્નિની રહેવાની અને પવનની ઝડપ ૧૩ થી ૧૬ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૦-૩૧ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૫ થી ૧૭ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૩૦-૧૨-૧૫ | દિવસ-૨ ૩૧-૧૨-૧૫ | દિવસ-૩ ૦૧-૦૧-૧૬ | દિવસ-૪ ૦૨-૦૧-૧૬ | દિવસ-૫ ૦૩-૦૧-૧૬ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 31 | 31 | 30 | 30 | 30 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 16 | 17 | 17 | 15 | 15 |
| વાદળની સ્થિતિ(ઓકટા) | 1 | 0 | 0 | 0 | 0 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મહતમ ભેજ (%) સવાર | 31 | 34 | 41 | 38 | 34 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 22 | 22 | 22 | 24 | 23 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 13 | 15 | 16 | 15 | 13 |
| પવનની દિશા (ડીગ્રી) | 29 | 34 | 30 | 30 | 152 |

અમરેલી: જીલ્લામાં આગામી  તા.૩૦-૧૨-૨૦૧૫ થી તા.૦૩-૦૧-૨૦૧૬ દરમ્યાન હવામાન સુકું અને મહદઅંશે ચોખ્ખું રહેશે. પવનની દિશા ઉતર, પુર્વ અને ઇશાનની રહેવાની અને પવનની ઝડપ ૧૨ થી ૧૪ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૨-૩૪ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૩-૧૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-૩ | દિવસ-૪ | દિવસ-૫ |
|---|---|---|---|---|---|
| પેરામીટર | ૩૦-૧૨-૧૫ | ૩૧-૧૨-૧૫ | ૦૧-૦૧-૧૬ | ૦૨-૦૧-૧૬ | ૦૩-૦૧-૧૬ |
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 34 | 34 | 33 | 32 | 32 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 14 | 15 | 15 | 13 | 13 |
| વાદળની સ્થિતિ(ઓકટા) | 2 | 0 | 0 | 0 | 0 |
| મહતમ ભેજ (%) સવાર | 34 | 36 | 37 | 34 | 32 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 23 | 24 | 24 | 24 | 22 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 12 | 13 | 14 | 14 | 13 |
| પવનની દિશા (ડીગ્રી) | 27 | 29 | 18 | 77 | 85 |

સુરેન્દ્રનગર: જીલ્લામાં આગામી તા.૩૦-૧૨-૨૦૧૫ થી તા.૦૩-૦૧-૨૦૧૬ દરમ્યાન હવામાન સુકું અને મહદઅંશે ચોખ્ખું રહેશે. પવનની દિશા ઉતર, પશ્ચિમ અને  ઈશાનની રહેવાની અને પવનની ઝડપ ૯ થી ૧૩ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૨-૩૪ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૩-૧૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-૩ | દિવસ-૪ | દિવસ-૫ |
|---|---|---|---|---|---|
| પેરામીટર | ૩૦-૧૨-૧૫ | ૩૧-૧૨-૧૫ | ૦૧-૦૧-૧૬ | ૦૨-૦૧-૧૬ | ૦૩-૦૧-૧૬ |
| વરસાદ(મી.મી) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહતમ તાપમાન (સે.ગ્રે) | 34 | 33 | 32 | 32 | 34 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| લઘુતમ તાપમાન (સે.ગ્રે) | 15 | 15 | 13 | 13 | 14 |
| વાદળની સ્થિતિ(ઓકટા) | 0 | 0 | 0 | 0 | 1 |
| મહતમ ભેજ (%) સવાર | 30 | 37 | 37 | 30 | 27 |
| લઘુતમ ભેજ (%) બપોરબાદ | 16 | 17 | 18 | 18 | 16 |
| પવનની ગતિ (કિમી/કલાક) | 12 | 13 | 12 | 11 | 9 |
| પવનની દિશા (ડીગ્રી) | 29 | 21 | 45 | 285 | 28 |

| મુખ્ય પાક | પાક અવસ્થા | રોગ/જીવાત/જાત | કૃષિ સલાહ (૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી ભલામણ કરેલ દવા છાંટવી ) |
|---|---|---|---|
| લસણ | વૃદ્ધિ | થ્રીપ્સ, પાનની ટોચનો સુકારો અને ઉગસુક- સફેદ ફૂગના  કારણે | થ્રીપ્સના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને પ્રોફેનોફોસ ૩૦ મિલી અથવા લેમ્બ્ડા સાયહેલોથ્રીન ૧૫ મિલી દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. ઉગસુક- સફેદ ફૂગના કારણે હોવાથી ટેબ્યુંકોનાઝોલ ૧૦ મિલી દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને ડ્રેનચીંગ કરવું. |
| ચણા | ફૂલ | લીલી અને લશ્કરી ઈયળ | ચણાના પાકમાં લીલી અને લશ્કરી ઈયળના નિયંત્રણ માટે પક્ષીઓને બેસવા માટે ‘T’ આકારના બેલાખડા મુકવા. જો વધુ ઉપદ્રવ જણાય તો એમામેકટીન બેન્ઝોએટ ૬.૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં કરીને છંટકાવ કરવો. |
| ઘઉં | ગાભા નીઘલ | પહોળા પાન વાળા નિંદામણ  | પહોળા પાન વાળા નિંદામણના નિયંત્રણ માટે વાવેતર બાદ ૩૦-૩૫ દિવસે ૨-૪-ડી ૨૦ મિલી અથવા મેટાસલ્ફ્યુરોન ૦.૮ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છાંટવી. |
| જીરું | ફૂલ | થ્રીપ્સ અને મોલો | થ્રીપ્સ અને મોલોના ના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને થાયોમીથોક્ઝામ ૫ ગ્રામ ૧૦ લીટર |

| | | | |
|---|---|---|---|
| | | | પાણીમાં કરીને  છંટકાવ કરવો.<br><br>તેમજ ચરમીનો  ઉપદ્રવ ન થાય તે માટે ડાયથેન એમ ૪૫, ૨૭ ગ્રામ અને હેક્ઝાકોનાઝોલ ૧૫ મિલી દવા વારાફરતી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને ૧૫ દિવસના અન્તરે  છંટકાવ કરવો. |
| ધાણા | ફૂલ | થ્રીપ્સ અને સફેદ માખી | થ્રીપ્સ અને  સફેદ માખીના નિયંત્રણ માટે  લીંબોળીનું તેલ ૫૦મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને થાયોમીથોક્ઝામ ૫ ગ્રામ  ૧૦  લીટર પાણીમાં કરીને  છંટકાવ કરવો. |
| કપાસ | કપાસની વીણી | ગુલાબી ઈયળ<br><br> | કપાસની  ગુલાબી ઈયળના નિયંત્રણ માટે જે કપાસના પાકમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ હોય ત્યાં બીજો ફાલ લેવો નહિ અને કપાસની વીણી કરીને કપાસ કાઢીને સળગાવી દેવો.<br> |
| ડુંગળી | ધરું/પાક કાપણી | પીળી પત્તી, તળાજા લાલ, એગ્રી ફાઉંડ ડાર્ક રેડ, પૂસા સફેદ,<br><br>જાંબલી ધાબા<br> | શિયાળુ ડુંગળી માટે ધરું તૈયાર કરવા ૧૦-૧૨ કી.ગ્રા.બીજ/હે. ગાદી ક્યારા બનાવીને વાવેતર કરવું. બીજને કેપ્ટન/થાયરમ દવાનો ૨-૩ ગ્રામ/કી.ગ્રા. પ્રમાણે પટ આપવો.<br><br>ડુંગળીના પાકમાં જાંબલી ધાબાના રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ૨૭ ગ્રામ અથવા ફોઝેટાઈલ ૨૦ ગ્રામના ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા. |
| રીંગણી અને ટમેટી | ફુલ/ફળ | સફેદ માખી | લીંબોળીનું તેલ ૫૦મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. જો વધુ ઉપદ્રવ હોય તો એસીટેમાપ્રીડ ૨૦ |

| | | | |
|---|---|---|---|
| | | ડુંખ અને<br><br>ફળ કોરી ખાનાર ઈયળ<br><br>→<br><br>કથીરી → | ટકા ૫ ગ્રામ/૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને રીનાક્ષીપાયર દવા ૩ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.<br>રીંગણી અને ટમેટીના પાકમાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપરગાઈટ દવા ૧૦ મિલી/૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| કોબી અને ફ્લાવર | વૃદ્ધિ/દડા | હિરાકૂદુ | કોબી અને ફ્લાવરમાં હિરાકૂદાણા નિયંત્રણ માટે સ્પીનોસાદ ૩ મિલી/૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો |
| મરચી | ફુલ/ફળ | પાનની કુકડ-થ્રીપ્સ→<br><br><br>કાલવ્રણ → | પ્રોફેનોફોસ ૨૦ મી.લી.અને લીંબોળીનું તેલ ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી ૧૦ લી.પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br><br>કાલવ્રણ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૭ ગ્રામ અથવા ફોઝેટાઈલ ૨૦ ગ્રામના ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા. |

| | | | |
|---|---|---|---|
| | |  | |
| આંબો | ફૂલ | મધીયો અને મગીયાની<br><br>ઈયળ<br><br>ભુકીછારો/રાખોડી | આંબામાં  મધીયો અને મગીયાની ઈયળના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૫ મિલી ૧૦ લી.પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br><br><br><br>આંબામાં ભુકીછારો/રાખોડીના  નિયંત્રણ માટે હેક્ઝાકોનાઝોલ ૧૫ મિલી ૧૦ લી.પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br><br> |

| | | | |
|---|---|---|---|
| | | | |
| પશુ/મરઘા  | નાના વાછરડાઓને રાત્રે ઠંડીથી બચવા પશુ ઘરમાં રખવા. પ્રજીવથી થતા બૃસેલ્લા અને અન્ય રોગોની ચકાસણી કરાવવી. ઈતરડીનાનિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાઝ ૨ મી.લી. ૧ લીટર પાણીમાં નાખીને છાંટવી. વિટામીન એ તથા ડી પુરકો આપવા. કરમિયાની દવા આપવી તથા ઉછરતા પશુઓમાં બૃસેલ્લા કાફ્વુંડનું રસીકરણ કરાવવું. | | |

જા.નં.જુકૃયુ/સંવૈ(સુખે)/એગ્રોમેટ/બુલેટીન/ /૨૦૧૫તરઘડિયા(રાજકોટ),તારીખ: ૨૯/૧૨/૨૦૧૫.

પ્રતિ,

તંત્રીશ્રી/ડાયરેકટરશ્રી,

રાજકોટ,

ઉપરોક્ત માહિતી આપના દૈનિક સમાચાર પત્રોમાં, રેડીયોમાં ગામના ચોરાના કાર્યક્રમમાં તથા ટીવીના ગ્રામ્ય કાર્યક્રમમાં વિનામૂલ્યે પ્રસિધ્ધ કરાવવા નમ્ર વિંનતી છે. સહકારની અપેક્ષા સહ આભાર.

સંશોધન વૈજ્ઞાનિક (સુકી ખેતી)

જુનાગઢ કૃષિ યુનિવર્સીટી

તરઘડીયા